सत्यमेव जयते

રજુ તા.

દાખલ તા.

ફેસલ તા. ૨૪-૦૪-૨૦૨૩

અવધિઃવર્ષ- માસ- દિવસ-

# અમદાવાદ શહેરના મહે. સિટી સિવિલ એન્ડ સેશન્સ જજની કોર્ટ નં.૨૨ સમક્ષ,

**સેશન્સ કેસ નં.૧૨/૨૦૧૮**
**આંક-**

**ફરિયાદીઃ-** સરકારશ્રી

**વિરુદ્ધ**

**આરોપીઓઃ-**

(૧) ~~દિપક રાજુભાઇ ચૌહાણ(ઠાકુર) રહે. વિરમનગરના છાપરામાં, બજરંગ આશ્રમ પાસે, ઠક્કરનગર, નરોડા, અમદાવાદ.~~ **(મરણ ગયેલ હોવાથી એબેટ કરવામાં આવેલ છે.)**

(૨) કમળાબેન વા/ઑ. શનાભાઇ જોઇતાભાઇ ચમાર
(નામદાર કોર્ટના આંક-૧ ના હુકમ મુજબ આરોપી નં.૨ ભાગેડુ જાહેર કરેલ છે.)(Declared P.O. U/S. Cr.P.C.82&83)

(૩) ~~શનાભાઇ જોઇતાભાઇ ચમાર નં.૨ અને ૩ રહે. કૃષ્ણનગર, ઠક્કરનગર, કેવડાજીની ચાલી,અમદાવાદ. (મૂળ વતનઃ ગામ-ગલથરા(પ્રતાપનગર), તા.વિજાપુર, જિ.મહેસાણા.)~~ **(મરણ ગયેલ હોવાથી એબેટ કરવામાં આવેલ છે.)**

(૪) હંસાબેન વા/ઑ.ગીરીશભાઇ રેવાભાઇ મહેરીયા
રહે. મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે, શંકર જમાદારની ચાલી, અમદાવાદ. (મુળ વતનઃ ગામ-લીંબોદ્રા, તા.જિ.ગાંધીનગર.)

(૫) કશ્યપ ઇન્દ્રવદન વૈદ્ય(બ્રાહ્મણ)
રહે. નંદનબાગ સોસા.વિભાગ-૨, બ.નં.૪, બી.જે. મેડીકલ કોલેજની સામે, ગીરધરનગર, અમદાવાદ.

**તહોમતઃ-** નરોડા પો.સ્ટે. અમદાવાદ શહેર ફ.ગુ.રજી.નં.૩૨૧/૧૯૯૪,
ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬,૨૦૧,૩૧૨,૩૪ મુજબ,

----------------------------------------

**રજુઆતઃ–** ફરિયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રી ડી.વી.મહેતા
આરોપી નં.૪ તરફે વિ.વ.શ્રી પી.ડી.પંડ્યા
આરોપી નં.૫ તરફે વિ.વ.શ્રી યુ.એસ.ઓઝા

----------------------------------------

## – ચુકાદો –

૧. સદરહુ કામે આરોપી નં.૧ દિપક રાજુભાઈ ચૌહાણ(ઠાકુર) અને આરોપી નં.૩ શનાભાઇ જોઈતારામ ચમાર નાઓનું અવસાન થયેલ હોય નામદાર કોર્ટના તા.૨૩–૩–૨૦૨૨ ના રોજના આંક–૧ ના હુકમ મુજબ તેઓને એબેટ કરવામાં આવેલ છે તથા આરોપી નં.૨ કમળાબેન વા/ઑ. શનાભાઈ જોઈતારામ ચમાર નાઓ સને–૧૯૯૬ ની સાલથી ક્યાંક ચાલ્યા ગયેલ હોય નામદાર કોર્ટના તા.૨૫–૪–૨૦૨૨ ના રોજના આંક–૧ ના હુકમ મુજબ તેઓને ભાગેડુ આરોપી તરીકે જાહેર કરેલ હોય હાલનો કેસ માત્ર આરોપી નં.૪ અને ૫ પુરતો આગળ ચલાવવામાં આવેલ છે.

૨. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાએ તા.૨૫–૦૫–૧૯૯૪ પછી સતત ત્રણ દિવસ સુધી નરોડા તલાવડી પાસેના બગીચામાં ભોગબનનાર ઉં.વ.૧૬ સગીર વયની હોવાનું જાણતા હોવાછતાં બે થી ત્રણ વખત તેણીની સાથે શારીરિક સંભોગ કરતા ભોગબનનાર ગર્ભવતી બનેલ અને તેણી ગર્ભવતી થયાના દોઢ મહીના બાદ તેણીને માસિક ન આવતા તેણીને પેટમાં દુખાવો થતા તેણીએ આરોપી નં.૨,૩ અને ૪ નાઓને જણાવતા તેઓએ તેણીને આરોપી નં.૫ ની ખાનગી ક્લીનીકમાં લઈ ગયેલ અને આરોપી નં.૫ ને વિગત જણાવેલી હોવાછતાં ગર્ભપાત કરી નાંખી પુરાવાનો નાશ કરી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોય આ અંગે નરોડા પો.સ્ટે. અમદાવાદ શહેર ખાતે ફ.ગુ.રજી.નં.૩૨૧/૧૯૯૪ થી સિવિલ હોસ્પિ.માંથી વર્ધી મળતા હે.કો.હસમુખભાઇ પરસોત્તમભાઇએ કાયદેસરની ફરિયાદ નોંધેલ.

૩. જે ફરિયાદ અનુસંધાને ભારતીય દંડ સંહિતાના કલમ–૩૭૬,૨૦૧,૩૧૨,૩૪ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરેલ અને ભોગબનનારનું મેડીકલ ટેસ્ટ કરાવેલ જેમાં

જણાવેલ હિસ્ટ્રી અને મેડીકલ સર્ટીફિકેટને આધારે ભોગબનનારનું વિશેષ નિવેદન નોંધી ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ આ કામના આરોપીઓની અટક કરેલ.

૪. સુપ્રિમકોર્ટના **દિનેશ વિરુદ્ધ સ્ટેટ ઑફ રાજસ્થાન** (એઆઈઆર ૨૦૦૬ એસ.સી. ૧૨૬૭ પેરા નં.૭) તથા **સ્ટેટ ઑફ કર્ણાટક વિરુદ્ધ પટ્ટારાજા** (૨૦૧૪ ક્રિ.લૉ.રી. સુપ્રિમ કોર્ટ પાના નં.૧૨) ઉપર પ્રસિદ્ધ થયેલા ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટે એવો સિદ્ધાંત પ્રસિદ્ધ કરેલ છે કે, બળાત્કારના કિસ્સામાં ભોગબનનારનું નામ જજમેન્ટમાં કોઇ જગ્યાએ લખવુ જોઇએ નહીં. જેથી આ સિદ્ધાંતના આધારે આ અદાલત દ્વારા ભોગબનનારના નામનો આ જજમેન્ટમાં કોઇ જગ્યાએ ઉલ્લેખ કરેલ નથી, પરંતુ માત્ર ભોગબનનાર તે રીતની વિક્ટીમની ઓળખાણ આપેલ છે.

૫. ઉપરોકત હકીકતે તપાસ કરનાર અધિકારીએ તપાસને અંતે આ કામના આરોપીઓ વિરુદ્ધ વિ.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૮ માં ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬,૨૦૧,૩૧૨,૩૪ મુજબનું ચાર્જશીટ નં.૩૦/૧૯૯૫ થી ફાઇલ કરેલ, જેને ક્રિ.કે.નં.૫૬૪/૧૯૯૫ થી રજીસ્ટરે લેવામાં આવેલ. ત્યારબાદ સદર ગુનો ચલાવવાની સત્તા સેશન્સ અદાલતને હોઈ વિ.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૮ નાઓએ ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૯ અન્વયે આ કામ સેશન્સકોર્ટમાં તા.૦૨-૦૧-૧૯૯૬ ના હુકમથી સેશન્સ કમીટ કરેલ અને આ કામ અત્રેની કોર્ટને એલોટ થયેલ છે.

૬. સદરહું કામે આરોપી હાજર થતાં ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલ આપવામાં આવેલ તેની ખાત્રી કરી અને આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬,૨૦૧,૩૧૨,૩૪ મુજબના ગુના સબબ આંક-સી/૧૧ થી તહોમતનામુ ફરમાવી તેની વિગત વાંચી, સંભળાવી સમજાવીને આરોપી નં.૪ નો આંક-સી/૧૨ તથા આરોપી નં.૫ નો આંક-સી/૧૩ થી જવાબ લેતાં, આરોપીઓએ તહોમતનામા મુજબના ગુનાનો ઈનકાર કરતાં આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૭. ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ અન્વયે કામ ફરિયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ. ફરિયાદપક્ષ તરફે કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

## ફરિયાદપક્ષ તરફે પુરાવા

### મૌખિક પુરાવા

| અ.નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ નં.૧ ડૉ. વિકાસ ભરતભાઇ ટાભાણીની સોગંદ ઉપરની જુબાની | પી/૧૫ |
| ૨. | સાહેદ નં.૨ હસમુખભાઇ પરષોત્તમદાસ પટેલની સોગંદ ઉપરની જુબાની (વર્ધી નોંધનાર પોલીસ કોન્સટેબલ) | પી/૨૩ |
| ૩. | સાહેદ નં.૩ ભોગબનનારની સોગંદ ઉપરની જુબાની | પી/૨૮ |
| ૪. | સાહેદ નં.૪ વિષ્ણુજી ગોવિંદજી ઠાકોરની સોગંદ ઉપરની જુબાની (ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ નં.૨) | પી/૩૧ |
| ૫. | સાહેદ નં.૫ સંજયકુમાર જીવણભાઇ ભાટીયાની સોગંદ ઉપરની જુબાની (તપાસ કરનાર અલમદાર વતી હાજર રહેલ પોલીસ સાહેદ) | પી/૩૯ |

### દસ્તાવેજી પુરાવોઃ

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સિવિલ હોસ્પિ.ના આર.એમ.ઓ.શ્રીનો રીપોર્ટ | પી/૧૬ |
| ૨. | સિવિલ હોસ્પિ.નો કચેરી આદેશ | પી/૧૭ |
| ૩. | ભોગબનનારનું સારવાર સર્ટી. | પી/૧૮,પી/૧૯ |
| ૪. | આરોપીનું સારવાર સર્ટી. | પી/૨૦ |
| ૫. | અસલ ફરિયાદ | પી/૨૪ |
| ૬. | સિવિલ હોસ્પિ.નો વર્ધીનો ઉતારો | પી/૨૫ |
| ૭. | શહેરકોટડા પો.સ્ટે.ની જાણવાજોગ એન્ટ્રી | પી/૨૬ |
| ૮. | ચાર્જ અમલદારનો રીપોર્ટ | પી/૨૭ |
| ૯. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | પી/૩૨,પી/૪૩ |
| ૧૦. | ત.ક.અમલદાર કે.જી.પટેલનો મરણનો દાખલો તથા રીપોર્ટ | પી/૪૦ |
| ૧૧. | જાણવાજોગ એન્ટ્રી | પી/૪૧ |
| ૧૨. | કલમ ઉમેરાનો રીપોર્ટ | પી/૪૨ |
| ૧૩. | ભોગબનનારની સારવાર માટેની યાદી | પી/૪૪ |

| | | |
|---|---|---|
| ૧૪. | આરોપીના સારવાર માટેની યાદી | પી/૭૫ |
| ૧૫. | ભોગબનનારના જન્મના પ્રમાણપપત્રની નકલ | માર્ક–એ |
| ૧૬. | આરોપી નં.૫ કશ્યપભાઈની ડી.એચ.એમ.એસ.ની ડીગ્રીની નકલ | માર્ક–બી |
| ૧૭. | આરોપી નં.૫ કશ્યપભાઈનું હોમીયોપેથી રજીસ્ટ્રેશન સર્ટી.ની નકલ | માર્ક–સી |
| ૧૮. | આરોપી નં.૫ કશ્યપભાઈએ લખેલ દવાની ચીઠ્ઠી | માર્ક–ડી |

૮. ફરિયાદપક્ષે વિદ્વાન એપીપીશ્રીએ આંક–પી/૭૬ થી પોતાનો પુરાવો બંધ કરવા અંગેની પુરસીસ આપેલ છે. ત્યારબાદ આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીઓએ તેઓની સામેના પુરાવાનો ઈનકાર કરી ખોટો કેસ કર્યાનું અને નિર્દોષ હોવાનું જણાવેલ છે. આરોપીઓએ બચાવમાં કોઈ સાક્ષી તપાસવા માંગતા નથી અને સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું જણાવેલ છે. આમ, બચાવપક્ષ તરફે કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

૯. ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૪ અન્વયે સદર કામ દલીલ માટે રાખવામાં આવેલ. ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એપીપીશ્રી ડી.વી.મહેતા તથા આરોપી નં.૪ તરફે વિ.વ.શ્રી યુ.એસ.ઓઝા તથા આરોપી નં.૫ તરફે વિ.વ.શ્રી એસ.એમ.વાઘેલાની દલીલો સાંભળવામાં આવી.

૧૦. આ કામમાં ફરિયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રી દ્વારા મૌખીક રીતે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આરોપીઓએ આંક–સી/૧૧ ના તહોમતનામાની વિગતે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬,૨૦૧,૩૧૨,૩૪ મુજબનો ગુનો કરેલ છે. ફરિયાદપક્ષના તમામ સાહેદોએ આ કામના આરોપીઓની વિરુદ્ધમાં પુરતો પુરાવો આપેલ હોય ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલ હોય, આરોપીઓને તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવા રજુઆત કરેલ છે.

૧૧. આ કેસના આખરી નિર્ણય અને નીકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**– મુદ્દા –**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાએ તા.૨૫–૦૫–૧૯૯૪ પછી સતત ત્રણ દિવસ

સુધી નરોડા તલાવડી પાસેના બગીચામાં ભોગબનનાર ઉં.વ.૧૬ સગીર વયની હોવાનું જાણતા હોવાછતાં બે થી ત્રણ વખત તેણીની સાથે શારીરિક સંભોગ કરતા ભોગબનનાર ગર્ભવતી બનેલ અને તેણી ગર્ભવતી થયાના દોઢ મહીના બાદ તેણીને માસિક ન આવતા તેણીને પેટમાં દુખાવો થતા તેણીએ આરોપી નં.૨,૩ અને ૪ નાઓને જણાવતા તેઓ તેણીને આરોપી નં.૫ ની ખાનગી કલીનીકમાં લઇ ગયેલ અને આરોપી નં.૫ ને વિગત જણાવેલી હોવાછતાં ગર્ભપાત કરી નાંખી પુરાવાનો નાશ કરી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૬,૨૦૧,૩૧૨,૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

૧૨. ઉપરોકત મુદ્દા પરત્વે મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણય</u>**

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

૧૩. ઉપરોકત મુદ્દા પરત્વે ન્યાયિક નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે.

**- કા ર ણો -**

**મુદ્દા નં.૧ –**

૧૪. આ કામે આરોપીઓ વિરુદ્ધ આંક-સી/૧૧ થી તહોમતનામું ઘડવામાં આવ્યુ છે તે મુજબ, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧ નાએ તા.૨૫-૦૫-૧૯૯૪ પછી સતત ત્રણ દિવસ સુધી નરોડા તલાવડી પાસેના બગીચામાં ભોગબનનાર ઉં.વ.૧૬ સગીર વયની હોવાનું જાણતા હોવાછતાં બે થી ત્રણ વખત તેણીની સાથે શારીરિક સંભોગ કરતા ભોગબનનાર ગર્ભવતી બનેલ અને તેણી ગર્ભવતી થયાના દોઢ મહીના બાદ તેણીને માસિક ન આવતા તેણીને પેટમાં દુખાવો થતા તેણીએ આરોપી નં.૨,૩ અને ૪ નાઓને જણાવતા તેઓ તેણીને આરોપી નં.૫ ની ખાનગી કલીનીકમાં લઇ ગયેલ અને આરોપી નં.૫ ને વિગત જણાવેલી હોવાછતાં ગર્ભપાત કરી નાંખી પુરાવાનો નાશ કરી તમામ આરોપીઓએ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોય

આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬,૨૦૧,૩૧૨,૩૪ મુજબનો ગુનો આચરેલ હોવાનો આક્ષેપ છે, જેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬, ૨૦૧,૩૧૨,૩૪ નાં તત્વોની ચર્ચા કરવી જરૂરી જણાય છે.

**કલમ–૩૭૫ ના આવશ્યક તત્વોઃ–**

આમાં હવે પછી દર્શાવેલા અપવાદ સિવાય, કોઇ પુરુષ નીચે વર્ણવેલા છ પ્રકારનાં સંજોગો પૈકી કોઇપણ સંજોગોમાં કોઇ સ્ત્રી સાથે સંભોગ કરે તે 'બળાત્કાર' કર્યો ગણાશે–

પહેલો– તેની ઇચ્છા વિરુદ્ધ,

બીજો– તેની સંમતિ વગર,

ત્રીજો– તેની સંમતિથી, જ્યારે તેને અથવા તેને જે વ્યક્તિમાં હિત હોય તેવી વ્યક્તિને મૃત્યુ અથવા વ્યથાના ભયમાં મુકી સંમતિ મેળવવામાં આવી હોય,

ચોથો– તેની સંમતિથી, જ્યારે પુરુષ જાણતો હોય તે તેનો પતિ નથી અને સંમતિ આપવામાં આવી હોય ત્યારે તે માનતી હોય કે તે બીજી વ્યક્તિ છે કે જેની સાથે તે અથવા પોતાની જાતને કાનુની રીતે પરણેલી માને છે,

પાંચમો– તેની સંમતિથી, જ્યારે સંમતિ આપવા સમયે મગજની અસ્થિરતા, નશાયુક્ત હાલત અથવા પુરુષ પોતે કે અન્ય મારફત બેભાન બનાવે અથવા તંદુરસ્તીને હાનિકારક પદાર્થ અપાયાના કારણે સ્ત્રીએ જેની સંમતિ આપી હોય તેનો પ્રકાર અને પરિણામ સમજી શકે તેમ ના હોય ત્યારે,

છઠ્ઠો– તેની સંમતિથી કે સંમતિ વગર જ્યારે તે સોળ વર્ષથી નીચેની વયની હોય,

**સમજુતીઃ** જાતીય સંભોગ, બળાત્કારનો ગુનો બને તે માટે યોનીપ્રવેશ થવો તે પુરતુ ગણાય.

**અપવાદઃ** પોતાની પત્ની સાથે પુરુષે કરેલો જાતીય સંભોગ, પત્ની પંદર વર્ષથી ઓછી વયની ન હોય તો બળાત્કાર નથી.

<u>**કલમ–૩૭૬ ના આવશ્યક તત્વોઃ–**</u>

(૧) આરોપીએ કોઇ સ્ત્રી સાથે શારીરિક સંભોગ કરેલ હોવો જોઇએ,

(૨) આ શારીરિક સંભોગ ઇ.પી.કોડની કલમ–૩૭૫ માં દર્શાવેલ ૬ પૈકી કોઇ એક કે વધારે સંજોગોમાં કરેલ હોવો જોઇએ,

(૩) આરોપીએ ૧૨ વર્ષથી ઓછી વય ધરાવતી પોતાની પત્ની સાથે સંભોગ કર્યો હોય કે અન્ય સ્ત્રી સાથે કરેલ હોય,

(૪) સજાના મોટા સ્વરૂપની દ્રષ્ટીએ જોવામાં આવે તો આરોપીએ જાહેર નોકર તરીકે વગેરે આ કલમની પેટા કલમ–૨ ના ખંડ–ક,ખ,ગ,ઘ મુજબ બળાત્કાર કરેલ હોય,

(૫) ગર્ભવતી સ્ત્રી હોવાની જાણ હોવાછતાં તેવી ગર્ભવતી સ્ત્રી પર બળાત્કાર કરેલ હોય,

(૬) આરોપીએ સામુહિક બળાત્કાર કરેલ હોય, જે સમુહનો સામાન્ય ઇરાદો બળાત્કાર કરવાનો હતો તથા તે પાર પાડવા માટે બળાત્કાર થયો અને તે સમુહના આરોપી એક સભ્ય હોવા જોઇએ.

કાયદાની ઉપરોક્ત જોગવાઇ ધ્યાને લેતા, કલમ–૩૭૬ મુજબનો ગુનો બનવા પાછળનું પ્રથમ આવશ્યક તત્વ તે આરોપીએ કોઇ સ્ત્રી સાથે શારીરિક સંભોગ કર્યો હોય તે આ શારીરિક સંભોગ તે ઇ.પી.કોડની કલમ–૩૭૫ માં દર્શાવેલ છ પૈકી કોઇ એક કે વધારે સંજોગોમાં કર્યો હોય.

<u>**કલમ–૨૦૧ ના આવશ્યક તત્વોઃ–**</u>

(૧) કોઇ ગુનો બનવા પામ્યો હતો,

(૨) આરોપીને ગુનો બન્યા અંગેની જાણ હતી અથવા ગુનો બન્યો છે તેવું માનવા કારણ હતું,

(૩) આરોપીએ બનવા પામેલ ગુનાના કોઇ પુરાવાનો નાશ કર્યો અથવા તે બની ચુકેલા ગુના અંગે પોતાને જાણ હતી કે આ માહિતી ખોટી છે તેવી માહિતી આપી,

(૪) આરોપીએ પુરાવાનો નાશ ગુનેગારને બચાવવા માટે કર્યો અથવા તેવા ઇરાદાથી ખોટી માહિતી આપી,

(૫) કરવામાં આવેલો ગુનો દેહાંતદંડ અથવા આજીવન કેદ કે દસ વર્ષ સુધીની કેદની સજાને પાત્ર હતો અથવા ૧૦ વર્ષ કરતા ઓછી કેદની સજાને પાત્ર હતો.

**<u>કલમ–૩૧૨ ના આવશ્યક તત્વોઃ</u>–**

(૧) સ્ત્રી ગર્ભવતી હતી અથવા સ્ત્રીના ઉદરમાં બાળક ફરકતુ થયું હતુ,

(૨) આરોપીએ ગર્ભપાત કર્યો અથવા ગર્ભવતી સ્ત્રીએ પોતે ગર્ભપાત કર્યો,

(૩) આરોપીએ અથવા ગર્ભવતી સ્ત્રીએ ગર્ભપાત કરવાનું કૃત્ય સ્વેચ્છાપૂર્વક કર્યુ,

(૪) આવુ કૃત્ય સ્ત્રીનો જીવ બચાવવા માટે(કે અન્ય કારણે) શુભનિષ્ઠાપૂર્વક કરવામાં આવ્યું ન હતું.

**<u>કલમ–૩૪ ના આવશ્યક તત્વોઃ</u>–**

પ્રથમ તત્વ એ છે કે એક કરતા વધારે વ્યક્તિઓએ ગુનો આચર્યો હોવો જોઇએ. તેવી તમામ વ્યક્તિ પૈકી કોઇક અજાણ વ્યક્તિ પણ હોઇ શકે. આવું કૃત્ય અવશ્યપણે ગુનાહીત કૃત્ય હોવું જોઇએ. પ્રત્યેક વ્યક્તિએ ભજવેલો ભાગ મળીને જે પરીણામ આવે તે આ કલમ પ્રમાણે કૃત્ય ગણાય, જે ગુનાહિત હોવું જોઇએ. અનેક વ્યક્તિઓ મળીને જે કૃત્ય આચરે તેમાં તમામનો સામાન્ય ઈરાદો હોય તે આવશ્યક છે. આ કલમનું કૃત્ય કરવામાં આવે છે, જે વ્યક્તિ તેમાં પોતાનો ભાગ ભજવે તે પાછળ દોરી જનાર બાબત તેની વચ્ચેનો સામાન્ય ઈરાદો છે. આચરનામાં આવેલુ કૃત્ય સામાન્ય ઈરાદો પાર પાડવા માટે કરવામાં આવ્યું હોય તે અગત્યનું છે. આમ, ટુંકમાં એક કરતા વધારે વ્યક્તિ, ગુનાહિત કૃત્ય, સામાન્ય ઈરાદો તથા તે પાર પાડવા માટે કૃત્ય કરવામાં આવ્યું હોય ત્યારે આ કલમના તત્વો સંપૂર્ણ થાય તથા આ કલમ લાગુ કરી શકાય. આ કલમનું મહત્વનું પાસુ સામાન્ય ઈરાદો છે. જે ભાવત્મક બાબત છે, છતાં પુરાવા પરથી, સંજોગો પરથી, વર્તન પરથી તમામ ભજવેલા ભાગ પરથી એ હકીકત નક્કી કરી શકાય કે સામાન્ય ઈરાદો હતો કે કેમ? અને શું હતો? સામાન્ય ઈરાદો શબ્દની વિશેષ ચર્ચા અત્રે કરવી આવશ્યક નથી, કારણ કે એ પુરાવાનો વિષય છે તથા વિવિધ અદાલતોએ ચુકાદાઓ આપ્યા હોવાના કારણે તે ચુકાદાથી ઉપયોગી માર્ગદર્શન મળે છે, જેની ચર્ચા હવે પછી કરવામાં આવશે.

૧૫. આ કામે ફરિયાદપક્ષ તરફે સૌપ્રથમ **સાહેદ નં.૧ ડૉ.વિકાસ ભરતભાઇ ટાભાણી કે જેઓ મેડીકલ ઑફીસર છે તેઓને આંક–પી/૧૫ થી** તપાસવામાં આવેલ છે. આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે, ઇ.પી.આર.નં.૮૩૮૩/૨૩/૧૯૯૪, ૧૨૨૭૪/૩૩/૧૯૯૪, ૧૨૨૭૫/૩૩/૧૯૯૪ ના કેસ રેકર્ડ તપાસ કરતા એ રેકર્ડ ઑફીસમાં મળી આવેલ ન હોય જે અંગેનું પ્રમાણપત્ર સિવિલ હોસ્પિટલનાં મેડીકોલીગલ ઑફીસર ડો.એમ.બી.ગેલાણીનાઓએ આપેલ, જે ક્રમાંક સી.હો./એમ.એલ.સી./૩૦૬/૨૦૨૨ તબીબી અધિક્ષકની કચેરી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ તા.૦૫–૦૭–૨૦૨૨ મુજબનું છે, જેનો રીપોર્ટ આ કામે આંક–પી/૧૬ થી રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, તેઓને સિવિલ હોસ્પિટલ, અમદાવાદ આર.એમ.ઓ.શ્રી વતી ઉપરોક્ત કેસમાં હાજર રહેવા કચેરી આદેશ સી.હો.અ./આર.એમ.ઓ./૩૩૩૫–૩૬/૨૦૨૨ તબીબ અધિક્ષકની કચેરી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ તા.૦૪–૦૭–૨૦૨૨ મુજબ કચેરી આદેશ મળેલ, જે આ કામે આંક–પી/૧૭ થી રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, તા.૦૨–૦૮–૧૯૯૪ ના રોજ ભોગબનનારને સિવિલ હોસ્પિટલ ખાતે ડૉ.કે.એલ.શેઠના યુનિટમાં દાખલ કરવામાં આવેલ હતા, જેને આર.ઇ.પી.આર.નં.૮૩૮૩/૨૩/૧૯૯૪ થી તપાસવામાં આવેલ. ભોગબનનારને દોઢ મહિનાથી માસિક આવતુ ન હતુ, જેના માટે તેમણે પ્રાચવેટ હોસ્પિટલમાં ગર્ભપાત કરાવ્યો હતો. ભોગબનનારને ગર્ભપાતના પાંચ દિવસથી પેટમાં દુખાવાની ફરિયાદ હતી. તેના પેટનો એક્ષ–રે(૧૨૮૩૧૦આર) કરાવતા પેટમાં ફ્રી ફલુઇડ જોવા મળેલ, તેણીના પેટનું ઓપરેશન કરતાં ગર્ભાશયમાં ૦.૫ x ૦.૫ સેન્ટીમીટરનું છીદ્ર હતું, પેટમાંથી ૭૦૦ થી ૮૦૦ એમ.એલ. જેટલુ ચેપી પ્રવાહી કાઢવામાં આવેલ હતું. દર્દીને તા.૧૯–૦૮–૧૯૯૪ ના રોજ રજા આપવામાં આવેલી, આ અંગેની જાણ લોકલ પોલીસ બકલ નં.૮૮૭૬ ને કરવામાં આવેલી. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, તા.૨૬–૧૧–૧૯૯૪ ના બપારે ૧.૪૦ કલાકે ભોગબનનારને નરોડા પો.સ્ટે.ની યાદી સાથે સારવાર માટે લાવવામાં આવેલ, જેને ડૉ.એસ.એમ.શર્મા મેડીકલ ઑફીસર સિ.હો.અ. દ્વારા ઇ.પી.આર.નં.૧૨૨૭૫/૩૩/૧૯૯૪ થી તપાસવામાં આવેલ, ભોગબનનારનાં ગુપ્તભાગ અને સ્તન સારી રીતે વિકસીત હતા ગુપ્તભાગનાં અને બગલના વાળ સારી રીતે વિકસીત હતા, સારા હતા, ચોટેલા ન હતા. શરીર ઉપર કે

ગુપ્તભાગ ઉપર કોઇ ઈજાના નિશાન ન હતા. શરીર ઉપર ગુપ્તભાગ ઉપર કે કપડા ઉપર કોઇ ડાઘા જણાયેલ નહી. ગુપ્તભાગની તપાસ કરતા યોનીપટલ જુનું તુટેલુ હતું. તેણીનું યુરેથલ સ્વોબમાં ગોનોકોકાઇ અને વજાઇનલ સ્વાબમાં સ્પરમેટોજોવાની હાજરી જણાયેલ નહી.

વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, તે જ દિવસે બપોરે ૧.૧૫ કલાકે આરોપી દિપક રાજુભાઇ ચૌહાણનાઓને નરોડા પોલીસ સ્ટેશનની યાદી સાથે શારીરિક તપાસ માટે લાવવામાં આવેલ, જેને ડો.એસ.એમ.શર્મા નાઓએ ઇ.પી.આર.નં.૧૨૨૭૪/૩૩/૧૯૯૪ થી તપાસેલ. તેમના ગુપ્તભાગ સારી રીતે વિકસીત હતા, ગુપ્તભાગનાં અને બગલના વાળ સારી રીતે વિકસીત હતા, સારા હતા, ચોટેલા ન હતા. શરીર ઉપર કે ગુપ્તભાગ ઉપર કોઇ ઈજાના નિશાન ન હતા. શરીર ઉપર ગુપ્તભાગ ઉપર કે કપડા ઉપર કોઇ ડાઘા જણાયેલ નહી. ગ્લાંસપેનીસ ઉપર સ્મેગ્માની હાજરી જણાયેલ નહી, વજાઇનલ એપીથેલીયાની તપાસ ગ્લાંસવોશમાં કરતા તેની હાજરી જણાયેલ નહી. સદર સાહેદના પુરાવા દરમિયાન આંક–પી/૧૮ તથા પી/૧૯ થી ભોગબનનારનું સારવાર સર્ટી. તથા આંક–પી/૨૦ થી આરોપી દીપક રાજુભાઇ ચૌહાણનું સારવારનું સર્ટી. રજુ થયેલ છે.

સદર સાહેદની આરોપી નં.૫ તરફેની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, તેઓએ જણાવેલ છે કે, તા.૦૨–૦૮–૧૯૯૪ ના રોજ ભોગબનનારને સિવિલ હોસ્પિટલ ખાતે ડૉ.કે.એલ.શેઠના યુનિટમાં દાખલ કરવામાં આવેલ હતા ત્યારે તેઓ હાજર ન હતા. વધુમાં સદર કેસમાં રજુ કરવામાં આવેલ મેડીકલ સર્ટી. તથા તેમાં કરવામાં આવેલી સહી બાબતે તેઓને કોઇ જાતમાહિતી ન હોવાનું જણાવેલ છે. આમ, સદર સાહેદની સમગ્ર જુબાની ધ્યાને લેતા આરોપી નં.૪ અને ૫ ની હાલના ગુનામાં સંડોવણી પ્રસ્થાપિત થાય હોય તેવી કોઇ હકીકત ફલિત થતી નથી.

૧૬. આ તબક્કે ફરિયાદપક્ષ તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, ભલે પંચસાહેદ કોઇપણ કારણોસર હોસ્ટાઇલ થયેલ હોય, પરંતુ ડૉકટર સાહેદનો પુરાવો ન માનવાને કોઇ કારણ નથી ત્યારે ફરિયાદપક્ષના કેસ મુજબનો આવો બનાવ બનેલ હોવાનું ન માનવાને કોઇ કારણ નથી.

ફરિયાદપક્ષ તરફેની આવી દલીલ સંદર્ભે જોવામાં આવે તો, આવો બનાવ બનેલ હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે પરંતુ આરોપી નં.૪ અને ૫ ની સંડોવણી બનાવમાં પ્રસ્થાપિત થાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. વધુમાં ભોગબનનારે તેણીનું ગર્ભપાત કરાવ્યુ ત્યારે આરોપી નં.૪ ત્યાં હાજર ન હોવાનું જણાવેલ છે તથા આરોપી નં.૫ નાએ માત્ર તેણીને તાવની તથા ઇન્જેક્શન આવેલ હોવાનું જણાવેલ છે. આમ, આરોપી નં.૪ ની મદદગારીથી આરોપી નં.૫ ની ક્લીનીકમાં ગર્ભપાત કરાવેલ હોય તેવી કોઇ હકીકત ભોગબનનાર કે ડોક્ટર સાહેદની જુબાનીથી સાબિત થતી નથી. એકંદરે રેકર્ડ પરનો સમગ્ર પુરાવો લક્ષમાં લેતાં ફરિયાદપક્ષ તરફેની આવી દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૧૭. આ કામે ફરિયાદપક્ષ તરફે **સાહેદ નં.૨ હસમુખભાઇ પરષોત્તમદાસ પટેલ કે જેઓ વર્ધી નોંધનાર પોલીસ હેડ કોન્સટેબલ છે તેઓને આંક–પી/૨૩ થી** તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને–૧૯૯૪માં શહેરકોટડા પો.સ્ટે.માં હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતા હતા. તા.૮–૫–૧૯૯૪ના રોજ તેઓની નોકરી ઈનવેન્સ સ્કોડમાં શહેરકોટડા પો.સ્ટે. સવારના ૮.૦૦ થી બપોર કલાક ૧૬.૦૦ વાગ્યા સુધી હતી. તે દરમિયાન તેઓની સાથે પો.કો. પ્રવિણભાઈ ફરજ પર સાથે હતા અને તે દરમિયાન કલાક ૧૧.૪૫ વાગે શહેરકોટડા પી.એસ.ઓ. તરફથી સિવિલ હોસ્પિ. તરફથી ડૉકટરશ્રીના કહેવાથી પો.કો. હસમુખભાઈનાઓએ વર્ધી લખાવેલ અને ભોગબનનાર ઉ.વ.૧૬ નાઓને પેટમાં દુખાવો થતા સિવિલ હોસ્પિટલ ઈ–વોર્ડમાં દાખલ કરી સારવાર યાદી મળતા તેઓ તથા પો.કો. પ્રવિણભાઈ સાથે સિવિલ હોસ્પિ. જઈ તપાસ કરતા 'ઈ' વોર્ડમાં તપાસ કરતા ભોગબનનાર ઉ.વ.૧૬ નાઓ સારવાર હેઠળ મળી આવતા સારવાર યાદી આપી ભોગબનનારનું નિવેદન લેતા તેણીએ જણાવેલ કે, "તેણી આજથી ત્રણ મહિના પહેલા નરોડા તલાવની પાસે કચરો વીણવાનું કામ કરતી હતી અને તે દરમિયાન એક છોકરો ત્યાં આવેલ અને બે ત્રણ દિવસ મારી સાથે વાત કરેલ. દરમિયાન તેણીને તે છોકરા નામે રમેશ સાથે પ્રેમસંબંધ બંધાયેલો. દરમિયાન રમેશે તેણીને જણાવેલ કે, હું તારી સાથે લગ્ન કરીશ સાથે રહીશ તેવુ જણાવેલ." વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, દરમિયાન છોકરો નામે રમેશ

ભોગબનનારને નરોડા તલાવની પાસે આવેલ બગીચામાં લઈ ગયેલ અને સળંગ ત્રણ દિવસ શરીર સુખ ભોગવેલુ. ત્યાર પછી છોકરીએ રમેશને જણાવેલ કે, તેણીને એક બે મહીનાથી માસિક આવતુ નથી, તેથી રમેશે જણાવેલ કે, કોઈ ડૉક્ટર પાસે તપાસ કરાવી લે. દરમિયાન આ બાબતની જાણ તેણીના મા–બાપને થતા તેણીને પ્રાઈવેટ ડૉક્ટર કશ્યપભાઈ(આરોપી નં.પ) જોડે સારવાર કરાવેલી અને બે ત્રણ કલાક સારવાર કર્યા પછી રજા આપેલી. ત્યારબાદ અઠવાડીયા પછી પેટમાં દુખાવો ઉપડતા તેણીના મા–બાપ તેણીને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ અને છેલ્લે છેલ્લે તેણીને છોકરાએ પોતાનું નામ રમેશ આપેલ. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, જે તે સમયે પ્રથમ શહેરકોટડા પો.સ્ટે. જાણવા જોગ એન્ટ્રી નં.૧૫/૯૪ થી એન્ટ્રી પડાવેલ. ત્યારબાદ સિવિલ હોસ્પિટલનું સારવાર સર્ટી આવતા ભોગબનનાર ઉપર બળાત્કાર થયેલ હોય તેવુ જણાતા સર્ટીફીકેટ આધારે તે વખત શહેરકોટડા પોલીસ સ્ટેશનેથી આરોપી રમેશે ભોગબનનારની ઉંમર નાની હોવાછતા તેણી ઉપર બળાત્કાર કરેલ હોય, જેથી તેના વિરુદ્ધ આઈ.પી.સી. કલમ–૩૭૬ મુજબ ગુનો દાખલ કરી શહેરકોટડા પો.સ્ટે. ૦૦ નંબર દાખલ કરી સદરહુ બનાવ નરોડા પો.સ્ટે.નો હોઈ જરુરી કાગળો નરોડા પો.સ્ટે. મોકલી આપેલ. વધુમાં સદર સાહેદને તેઓની જુબાની દરમિયાન આંક–પી/૨૪ થી રજુ ફરિયાદ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે તથા આંક–પી/૨૫ થી રજુ સિવિલ હોસ્પિટલથી આવેલ વર્ધીનો ઉતારો બતાવવામાં આવતા તે પીએસઓ તરફથી લખીને આપેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદને તેઓની જુબાની દરમિયાન આંક–પી/૨૬ થી રજુ શહેરકોટડા પો.સ્ટે.ની જાણવાજોગ એન્ટ્રી તથા આંક–પી/૨૭ થી રજુ ચાર્જ અમલદારનો રીપોર્ટ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે તથા માર્ક–એ થી રજુ ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની નકલ તથા આંક–૧૮ થી રજુ ભોગબનનારનું સારવાર સર્ટી. બતાવવામાં આવતા તે તપાસના કામે સામેલ રાખેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે.

૧૮. આ કામે ફરિયાદપક્ષ તરફે સૌથી મહત્વના સાહેદ એવા **સાહેદ નં.૩ ભોગબનનારને આંક–પી/૨૮ થી** તપાસવામાં આવેલ છે. તેણીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૧૯૯૪માં તેણીના પિતાજી લોખંડના કારખાનામાં નોકરી કરતા

હતા અને તેણીની માતા ઘરકામ કરતી હતી. તેણીએ અભ્યાસ કરેલ નથી અને તેણી કાગળ વીણવાનું મજુરીકામ કરતી હતી. તેણીને બે બહેનો અને એક ભાઈ છે. સૌથી મોટી બેન રેખા, તેનાથી નાની તેણી પોતે અને તેનાથી નાનો ભાઈ છે. તેણી કાગળ વીણવાનું કામ સવારે સાત વાગ્યાથી નવ વાગ્યા સુધી કરતી હતી અને બપોરે જમી કરીને ફરી કાગળ વીણવા દિવસમાં બે ત્રણ વાર નરોડા તલાવડીની આજુબાજુ જતી હતી. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, ત્યાં તેણીને એક રમેશ કરીને કોઈ છોકરો મળેલ અને તેણીની પાસે આવેલ અને તેણીની સાથે વાતોચીતો કરતો હતો અને તેણીને બગીચામાં બેસવા લઈ જતો હતો અને પછી તેણી ઘરે આવતી રહેતી હતી. ત્યારબાદ બીજા દિવસે કાગળ વીણવા ગયેલ ત્યારે તેણીની સાથે વાતચીત કરતો હતો અને તેણીને કહેતો હતો કે, "હું તારી સાથે લગ્ન કરીશ". તેણીની સાથે ખરાબ કામ કરતો હતો અને નરોડા તળાવની આજુબાજુમાં બગીચામાં હરવા ફરવા લઈ જતો હતો. તે દિવસે બગીચામાં આરોપી રમેશે તેણીને બાથમાં લીધેલ અને આજુબાજુમાં કોઈ હતુ નહી અને તેણીની સાથે ખોટુ કામ કરેલ. તેણીની સાથે બીજા દિવસે પણ ત્યાં બોલાવી ફરીથી તેણીની સાથે જબરદસ્તીથી શારીરિક સંભોગ કરેલ. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, આરોપી રમેશે તેણીને આ બાબતે કોઈને કહેવાની ના પાડેલ, જેથી તેણીએ કોઈને કીધેલ ન હતુ. તેણીની તબીયત ખરાબ થતા તેણીને પેટમાં દુખાવો થતા તેણીની માતા તેણીને ડૉ.કશ્યપના દવાખાને લઈને ગયેલી અને તે ડૉક્ટરે તેણીને દવા આપેલી અને ઈન્જેક્શન આપેલુ અને બે કલાક પછી રજા આપેલી અને તેઓ ઘરે ગયેલા. બે ત્રણ દિવસ પછી આરામ થઈ જશે તેવુ કહેલુ. ત્યારબાદ તેણીને પેટમાં ખુબ દુખાવો થવાથી આ મેમ્કો ખાતે ડૉક્ટર કશ્યપભાઈના ત્યાં ગયેલા અને તેણીની સારવાર કરેલ. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, બે ત્રણ દિવસ પછી ફરીથી તેણીને પેટમાં દુખાવો ઉપડતા તેણીની માતાએ તેણીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ અને સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટરે તેણીનું ઓપરેશન કરેલ, પછી તેણી ભાનમાં આવેલ. બનાવ સમયે તેણીના લગ્ન થયેલ ન હતા. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, આરોપી રમેશે તેણીની સાથે ખરાબ કામ કરેલ, ત્યારબાદ તેણીને માસિક આવવાનું બંધ થતા, તેણીએ તેણીની માતાને જણાવેલ અને તેણીની માતા પછી તેણીને આરોપી કશ્યપભાઈના દવાખાને લઈ ગયેલ અને ત્યાં આ ડૉ.કશ્યપે તેણીની સારવાર કરેલી.

સિવિલ હોસ્પિટલમાં તેણીની સાથે તેણીના માતા–પિતા હતા. આરોપી નં.૪ હંસાબેન એ તેણીની માસી છે. પોલીસે તેણીનો જવાબ લીધેલો. પોલીસે સિવિલ હોસ્પિટલમાં આવીને તેણીની પુછપરછ કરેલી. તેણીને સિવિલ હોસ્પિટલમાં આશરે ૧૫–૨૦ દિવસ સારવાર અર્થે રાખેલ. સારવાર દરમિયાન તબીયત સારી થતા તેણીને રજા આપેલ. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, તેણીને આરોપી રમેશે તેનું ખોટુ નામ જણાવેલ, અસલમાં તેનું નામ દિપક રાજુભાઇ હતુ.

ભોગબનનારની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો તેણીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેણીને મેમ્કો પ્રાઇવેટ હોસ્પિટલમાં સારવાર માટે તેણીની માતા લઇ ગયેલ અને તે સમયે તેણીની માસી(આરોપી નં.૪) ત્યાં હાજર ન હોવાનું જણાવેલ છે. તેણીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેણીને સદર કેસ બાબતે અવાર–નવાર કોર્ટમાં આવવાનું બનેલ અને સદર કેસ બાબતે આરોપી નં.૫ પણ નામદાર કોર્ટમાં આવતા હતા અને આ કારણથી તેઓ આરોપી નં.૫ ને ઓળખે છે. તેણીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી નં.૫ નાએ તેણીને તાવની દવા તથા ઇન્જેક્શન આપેલ, તાવની દવા લઇને તેઓ ત્યાંથી તરત જ નીકળી ગયેલા. તેણીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી નં.૫ કશ્યપભાઇએ તેણીની વધુ કોઇ સારવાર કરેલ નહીં.

આ સાહેદ કે જેઓ ભોગબનનાર છે તેમનો સમગ્ર પુરાવો લક્ષમાં લેતા, આવો બનાવ બનેલ હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે પરંતુ આરોપી નં.૪ અને આરોપી નં.૫ ની સંડોવણી બનાવમાં પ્રસ્થાપિત થાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. આ સાહેદને આરોપી નં.૫ ની હોસ્પિટલમાં તેણીની માસી(આરોપી નં.૪) નહીં, પરંતુ તેણીની માતા(આરોપી નં.૨) લઇ ગયેલ હોવાનું જણાવેલ છે તથા આરોપી નં.૫ કશ્યપભાઇએ ભોગબનનારને તાવની દવા તથા ઇન્જેક્શન આપેલ, તાવની દવા લઇને તેઓ ત્યાંથી તરત જ નીકળી ગયેલા. જો ભોગબનનારનું ગર્ભપાત કરવામાં આવેલ હોત તો તેણીને અંદરના દર્દી તરીકે દાખલ કરેલ હોત, પરંતુ તેણીને અંદરના દર્દી તરીકે દાખલ કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. આરોપી નં.૫ નાએ તેણીની માત્ર તાવની દવા અને ઇન્જેક્શન આપેલ, તે સિવાય તેણીની કોઇ વધુ સારવાર કરેલ ન હોવાનું રેકર્ડ પરથી જણાઇ આવે છે. આમ, ફરિયાદપક્ષના આક્ષેપો

મુજબ આરોપી નં.૪ અને ૫ સદર ગુનામાં સામેલ હોવાની કોઇ હકીકત ફલિત થતી નથી.

૧૯. આ કામે ફરિયાદપક્ષ તરફે **સાહેદ નં.૪ વિષ્ણુજી ગોવિંદજી ઠાકોર કે જેઓ ગુનાવાળી જગ્યાના પંચ નં.૨ છે તેઓને આંક–પી/૩૧ થી** તપાસવામાં આવેલ છે. આ સાહેદે પોતાના પુરાવા દરમિયાન આંક–પી/૩૨ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવતા તેમાં પંચ નં.૨ તરીકે તેની સહી ઓળખી બતાવેલ છે, પરંતુ તે સિવાય આ સાહેદે ફરિયાદ હકીકત કે ફરિયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી, ઉલટાનું સોગંદ ઉપરના પુરાવામાં પંચનામાની હકીકતને નકારી કાઢેલ છે. આમ, આ સાહેદ કે જેઓ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ નં.૨ છે તેઓ સંપૂર્ણપણે હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને ફરિયાદ હકીકત તથા ફરિયાદપક્ષનો કેસ શંકાના દાયરામાં આવી જાય તે રીતનો પુરાવો આ સાહેદે સોગંદ ઉપર રજુ કરેલ છે.

૨૦. વધુમાં ફરિયાદપક્ષ તરફે **સાહેદ નં.૫ સંજયકુમાર જીવણભાઇ ભાટીયા નરોડા પો.સ્ટે.ના પી.આઇ. છે તેઓને આંક–પી/૩૯ થી** તપાસવામાં આવેલ છે. આ સાહેદે સોગંદ ઉપર એવો પુરાવો આપેલ છે કે, તેઓ છેલ્લા છ મહિનાથી નરોડા પો.સ્ટે.માં પી.આઈ. તરીકે ફરજ બજાવે છે. તેઓને ફ.ગુ.ર.નં.૩૨૧/૧૯૯૪ નરોડા પો.સ્ટે. ના કામે તપાસ કરનાર અમલદારશ્રી કે.જી.પટેલનાઓનો સમન્સ મળેલ, કે જેઓ સદર ગુનાના ત.ક.અધિકારી હતા તેઓના સરનામે તપાસ કરતા ત.ક.અધિકારીશ્રી કે.જી.પટેલનાઓ તા.૧૫–૪–૨૦૨૧ ના રોજ અવસાન પામેલ હોવાનું જાણવા મળેલ. આ બાબતનો વિગતવાર રીપોર્ટ અને તેની સાથે કે.જી.પટેલનું મરણનું પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ આ કામે સંયુક્ત આંક–પી/૪૦ થી રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદે ફ.ગુ.ર. નં.૩૨૧/૯૪, સેશન્સ કેસનં.૧૨/૨૦૧૮ ના કામે કેસપેપર્સ જોઇ જણાવેલ છે કે સદર કેસ શહેરકોટડા પો.સ્ટે.નાઓએ વર્ધીના આધારે જાણવા જોગ એન્ટ્રી કરી ઝીરો નંબરથી નરોડા પો.સ્ટે. ખાતે પોલીસ ફરિયાદ મોકલેલ. જેમાં ફરિયાદ હે.કો. હસમુખભાઈ પરસોત્તમભાઈ બ.ક.નં.૫૨૯૨ નાઓએ કરેલ હતી, જેના કેસ પેપરો નરોડા પો.સ્ટે.નાઓને સુપ્રત કરેલ, ત્યારબાદ પો.સ.ઈ કે.જી.પટેલનાઓએ તપાસ

સંભાળી લીધેલ. જરૂરી નિવેદનો લીધેલ, પંચનામા કરેલ, સારવાર સર્ટી. યાદી કરી મેળવેલ અને આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો હોઈ નામદાર કોર્ટમાં નિયત સમયમર્યાદામાં ચાર્જશીટ કરેલ. વધુમાં સદર સાહેદે આંક–૨૫ વાળી સિવિલ હોસ્પિટલની વર્ધી જોઇ જણાવેલ છે કે તે શહેરકોટડા પો.સ્ટે.નાઓને ઉદ્ધેશીને પો.કો. હસમુખભાઈનાઓએ લખાવેલ, જે પી.એસ.ઓ.એ લખી લીધેલ અને તપાસના કામે સામેલ રાખેલ. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, આંક–૨૬ વાળી શહેરકોટડા પો.સ્ટે.ની જાણવાજોગ એન્ટ્રી નં.૧૫/૧૯૯૪ થી નોંધાયેલ છે, તે તપાસના કામે સામેલ રાખેલ. શહેરકોટડા પો.સ્ટે.નાઓએ ઝીરો નંબરથી ફરિયાદ દાખલ કરેલ. વધુમાં સદર સાહેદના પુરાવા દરમિયાન આંક–૨૭ થી ચાર્જ અમલદારનો રીપોર્ટ રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, સદર ગુનાના કામે ફરિયાદી હે.કો.હસમુખભાઈ પરસોત્તમભાઈ નોકરી–શહેરકોટડા પો.સ્ટે.નાઓએ ફરિયાદ આપેલ. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, શહેરકોટડા પો.સ્ટે. તરફથી જાણવા જોગ એન્ટ્રી નં.૧૫/૧૯૯૪ ના કાગળો રાખી લેવાની યાદી કરેલ છે જે તપાસના કામે સામેલ રાખેલ, જે યાદી આ કામે આંક–પી/૪૧ થી રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદને તેઓની જુબાની દરમિયાન આંક–પી/૪૨ થી રજુ કલમ ઉમેરાનો રીપોર્ટ બતાવવામાં આવતા તે પી.એસ.આઇ. શ્રી કે.જી.પટેલ નાઓએ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રીને ઉદ્ધેશીને કરેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે તથા તેમાં પી.એસ.આઇ. કે.જી.પટેલ નાઓની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદને તેઓની જુબાની દરમિયાન માર્ક–એ થી રજુ ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવતા તે ફરિયાદ સમયે તપાસના કામે સામેલ રાખેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદને તેઓની જુબાની દરમિયાન આંક–૩૨ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામું બતાવવામાં આવતા તેમાં બે પંચોની સહી તથા રૂબરૂ તરીકે ઈન્વે. હે.કો. શહેરકોટડા પો.સ્ટે.નાઓની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદને તેઓની જુબાની દરમિયાન આંક–પી/૪૩ થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવતા તેમાં બે પંચોની તથા રૂબરૂ ખરા તરીકે પી.એસ.આઈ.શ્રી કે.જી.પટેલ નરોડા પો.સ્ટે.નાઓની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદને તેઓની જુબાની દરમિયાન આંક–પી/૪૪ થી રજુ યાદી બતાવવામાં આવતા તેમાં પી.એસ.આઈ.

કે.જી.પટેલનાઓની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદને તેઓની જુબાની દરમિયાન આંક–૧૮ અને ૧૯ થી રજુ ભોગબનનારનું સારવાર સર્ટી. તથા આંક–૨૦ થી રજુ આરોપીનું સારવાર સર્ટી. બતાવવામાં આવતા તે પી.એસ.આઈ. કે.જી. પટેલનાઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદને તેઓની જુબાની દરમિયાન આંક–પી/૪પ થી રજુ આરોપીનું સારવાર સર્ટી. મેળવવાની યાદી બતાવવામાં આવતા તેમાં પી.એસ.આઈ. શ્રી કે.જી.પટેલ નરોડા પો.સ્ટે.નાઓની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદને તેઓની જુબાની દરમિયાન માર્ક–'બી' થી રજુ આરોપી નં.પ કશ્યપકુમાર ઈન્દ્રવદનભાઈનાઓનું ડૉક્ટર ડી.એચ.એમ.એસ. તરીકેની ડીગ્રીની ઝેરોક્ષ નકલ, માર્ક–'સી' થી રજુ આરોપી નં.પ કશ્યપકુમાર ઈન્દ્રવદનભાઈ વૈદ્યનું હોમીયોપેથી રજીસ્ટ્રેશન સર્ટીની ઝેરોક્ષ નકલ તથા માર્ક–'ડી' થી રજુ આરોપી કશ્યપકુમાર ઈન્દ્રવદનભાઈ વૈદ્યએ લખેલ દવાની ચીઠ્ઠી બતાવવામાં આવતા તે તપાસના કામે સામેલ રાખેલ તે જ હોવાનું ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદે જણાવેલ છે કે, આરોપીઓની અટક કરી આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો હોઈ નિયત સમય મર્યાદામાં પી.એસ.આઈ. શ્રી કે.જી.પટેલ નરોડા પો.સ્ટે.નાઓએ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

સદર સાહેદની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ થવામાં વિલંબ થવાનું કોઇ કારણ ફરિયાદીએ ફરિયાદના કોલમ નં.૮ માં જણાવેલ નથી. તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ નામદાર કોર્ટમાં જે જુબાની આપેલ છે તે ફક્ત દસ્તાવેજોને જોઇને આપેલ છે. વધુમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવની તેઓને કોઇ જાતમાહિતી નથી. તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફક્ત ભોગબનનારના નિવેદનના આધારે આરોપી નં.પ ની પાછળથી અટક કરવામાં આવેલ છે.

૨૧. આ પોલીસ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો આ સાહેદ એ બનાવ નજરે જોનાર સાક્ષી નથી કે તપાસ કરનાર અમલદાર નથી. આ કામે તપાસ કરનાર અમલદાર શ્રી કે.જી.પટેલનાઓનું અવસાન થયેલ છે. તે સંજોગોમાં માત્ર હાલના પોલીસ અધિકારીનો

પુરાવો માનીને આરોપીઓને સજા ન કરી શકાય. આ પોલીસ સાહેદનો પુરાવો માત્ર ફોર્મલ બની જાય છે. આમ, આ પોલીસ સાહેદનો પુરાવો ફરિયાદપક્ષના કેસને કોઇ ખાસ મદદ કરતો નથી. આ સંજોગોમાં જ્યારે ફરિયાદપક્ષના મહત્વના સાક્ષીઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોય ત્યારે પોલીસ સાહેદના આવા સાંભળેલા પુરાવાના આધારે આરોપીને કહેવાતા ગુનામાં સાંકળી શકાય નહીં.

૨૨. આ કામે બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા મૌખીક રીતે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષે કોઇ સ્વતંત્ર સાહેદો તપાસવામાં આવેલ નથી, પંચ સાહેદ હોસ્ટાઇલ જાહેર થયેલ છે, ફરિયાદ કરનાર પોલીસ સાહેદ છે, આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદોના પુરાવાથી આરોપી નં.૪ અને ૫ ની વિરુદ્ધની કોઇ હકીકત નીકળી આવતી નથી, સાયન્ટીફીક પુરાવાથી પણ આરોપી નં.૪ અને ૫ વિરુદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી. આ સંજોગોમાં માત્ર ડૉકટરની જુબાની અને પોલીસ અધિકારીના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. એકંદરે ફરિયાદપક્ષ આરોપી વિરુદ્ધનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલ ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૨૩. આમ, ફરિયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ઉપરોક્ત તમામ સાહોદોનો સોગંદ ઉપરનો પુરાવો લક્ષમાં લેવામાં આવે તો, આ કામે એક પણ સ્વતંત્ર સાહોદને તપાસવામાં આવેલ નથી, ફરિયાદ કરનાર સાહેદ પણ પોલીસ સાહેદ છે. આમ, જે સાહેદોને તપાસવામાં આવેલ છે તે તમામ સરકારી કર્મચારી હોઇ તેઓએ પોતાની ફરજના ભાગરૂપે જે કાર્યવાહી કરેલ તેનો વિગતવારનો પુરાવો આપેલ છે. વધુમાં આ કામે તપાસ કરનાર અમલદાર કે.જી.પટેલ નાઓનું અવસાન થયેલ હોવાનું રેકર્ડ પરથી જણાઇ આવેલ છે. આ કામે રેકર્ડ પરની સમગ્ર હકીકત લક્ષમાં લેતા, ફરિયાદપક્ષના આક્ષેપો મુજબનો બનાવ બનેલ હોવાનું ફલિત થાય છે, પરંતુ આરોપી નં.૪ અને ૫ ની બનાવમાં સંડોવણી પ્રસ્થાપિત થાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. આ સંજોગોમાં રેકર્ડ પરના પુરાવાથી આરોપી નં.૪ અને ૫ ને હાલના ગુના સાથે સાંકળી શકાય તેવી કોઇ સ્પષ્ટ હકીકત જણાઇ આવતી નથી. આ સંજોગોમાં ફરિયાદપક્ષ

આરોપીઓ વિરુદ્ધ આંક–સી/૧૧ ના તહોમતનામાની વિગતે ભારતીય દંડ સંહિતાની ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬,૨૦૧,૩૧૨,૩૪ મુજબનુ ગુનાહિત કૃત્ય આચરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ નથી.

૨૪. કેસના ઉપરોકત તમામ સંજોગો અને હકીકતો ધ્યાને લેતાં તેમજ પુરાવાનું બારીકાઇથી અને ઝીણવટભરી રીતે મૂલ્યાંકન, પૃથ્થકરણ અને પરીક્ષણ કરતા, મારા નમ્ર અભિપ્રાય મુજબ આરોપી વિરુદ્ધ ફરમાવવામાં આવેલ તહોમતનામુ સચોટ અને સંપૂર્ણ પુરાવાથી પુરવાર કરવામાં પ્રોસીકયુશન સફળ રહેલ નથી. આરોપી સામેનો કેસ પુરવાર કરવાની જવાબદારી પ્રોસીકયુશનના શીરે છે. આરોપી સામેનો કેસ સાબિત ન થાય ત્યાં સુધી તેને નિર્દોષ માનવો જોઇએ તેવો ફોજદારી ન્યાયશાસ્ત્રનો સર્વસ્વીકૃત સિદ્ધાંત છે. મારા નમ્ર અભિપ્રાય મુજબ આ કામે રેકર્ડ પરના સમગ્ર પુરાવાની કાળજીપૂર્વક અને બારીકાઇથી છણાવટ કરતા આરોપી નં.૪ અને ૫ સામેનો કેસ સચોટ અને સંપૂર્ણ પુરાવાથી પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સફળ રહેલ ન હોય, આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમતનામામાંથી આરોપીઓને પુરાવાના અભાવે છોડી મુકવા સિવાય બીજો કોઇ વિકલ્પ આ અદાલત પાસે બચતો નથી, જેથી તેથી **મુદ્દા નં.૧** નો નિર્ણય તે મુજબ '**નકારમાં**' આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨ઃ</u>**–

૨૫. આમ, ઉપરોક્ત સમગ્ર ચર્ચાને ધ્યાને લઇ મુદ્દા નં.૧ ના નિર્ણયને ધ્યાનમાં લઇ આ કેસની તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લઇ મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>– આ ખ રી હુ ક મ –</u>

૧. આ કામના આરોપી **નં.૪ હંસાબેન વા/ઓ. ગીરીશભાઇ રેવાભાઇ મહેરીયા તથા આરોપી નં.૫ કશ્યપ ઇન્દ્રવદન વૈદ્ય(બ્રાહ્મણ)**નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) અન્વયે નરોડા પો.સ્ટે. અમદાવાદ શહેર ફ.ગુ.રજી.નં.૩૨૧/૧૯૯૪, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬,૨૦૧,૩૧૨,૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓના જામીન તથા જામીનખત રદ કરવા અને આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે રૂ.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો અપીલ અન્વયે ઉપલી અદાલત સમક્ષ હાજર રહેવા અંગે આપવાના રહેશે.

૩. સદરહુ કામે આરોપી નં.૧ દિપક રાજુભાઇ ચૌહાણ(ઠાકુર) અને આરોપી નં.૩ શનાભાઇ જોઇતારામ ચમાર નાઓનું અવસાન થયેલ હોય નામદાર કોર્ટના તા.૨૩–૩–૨૦૨૨ ના રોજના આંક–૧ ના હુકમ મુજબ તેઓને એબેટ કરવામાં આવેલ છે તથા આરોપી નં.૨ કમળાબેન વા/ઑ. શનાભાઇ જોઇતારામ ચમાર નાઓ સને–૧૯૯૬ ની સાલથી ક્યાંક ચાલ્યા ગયેલ હોય નામદાર કોર્ટના તા.૨૫–૪–૨૦૨૨ ના રોજના આંક–૧ ના હુકમ મુજબ ભાગેડુ આરોપી તરીકે જાહેર કરેલ હોય જ્યારે આરોપી નં.૨ મળી આવે ત્યારે તેઓની વિરુદ્ધ સદર ગુનાની ટ્રાયલ ફરીથી ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

૪. અપીલ સમય વીત્યા બાદ બિન કિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

આ હુકમ આજરોજ તા.**૨૪મી**, માહે **એપ્રિલ**, સને–**૨૦૨૩** ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪–૦૪–૨૦૨૩.
અમદાવાદ.

(**પ્રિતકમલ તીરથરામ**)
અધિક સત્ર ન્યાયાધીશ, કોર્ટ નં.૨૨,
સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ.
(યુનિક કોડ નં.જીજે૦૧૫૯૪)

SOLANKI